# ટેન્ડર સહ જાહેર હરાજી

નાણા વિભાગ, બ્લોક નં. ૪, સચિવાલય, ગાંધીનગર હસ્તકની કેટલીક બીન ઉપયોગી ચીજ વસ્તુઓ તથા જુના ફર્નિચરનો જથ્થો જ્યાં છે ત્યાંથી તે પરિસ્થિતિમાં ટેન્ડર સહ હરાજીથી તા.૦૪-૦૬-૨૦૦૯ના રોજ નિકાલ કરવાનો છે.

હરાજીથી નિકાલ કરવાની ઉક્ત ચીજવસ્તુઓ તથા જૂના ફર્નિચરને કચેરીના સમય દરમ્યાન (બપોરે ૨.૦૦ થી ૨.૩૦ સિવાય) જોઈ શકાશે. વધુ વિગતો માટે નાણા વિભાગની વેબસાઈટ http://financedepartment.gujarat.gov.in જોવા વિનંતી છે.

ક્રમાંકઃ–પરચ–૧૦૨૦૦૮–રજીસ્ટ્રી

ગુજરાત સરકાર,
**નાણા વિભાગ,**
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ–૨૬–૦૫–૨૦૦૯

આ વિભાગ હસ્તક પત્રક–૧ તથા પત્રક–૨માં જણાવેલ બીન ઉપયોગી ફર્નિચર તથા અન્ય સાધન સામગ્રીનું ટેન્ડર દ્વારા હરાજીથી વેચાણ કરવાનું હોવાથી હરાજીથી વેચાણમાં ભાગ લેવા માંગતી પાર્ટી/વ્યક્તિએ નીચે જણાવેલ શરતોનુસાર ટેન્ડર ભરી આ વિભાગને મોકલી આપવાનું રહેશે.

**ટેન્ડર દ્વારા હરાજીની શરતો નીચે મુજબ રહેશે.**

૧. હરાજીમાં ભાગ લેવા માંગતી વ્યક્તિ / પાર્ટીએ ટેન્ડર ફોર્મ વિભાગમાંથી તારીખઃ–૩૦–૦૫–૨૦૦૯ સુધીમાં મેળવવાનું રહેશે. ટેન્ડર ફોર્મમાં બીન ઉપયોગી વસ્તુઓ સામે નક્કી કરવામાં આવેલ તળિયાની રકમની સામે સુવાચ્ય અક્ષરમાં ભાવ દર્શાવવાનો રહેશે.

૨. ટેન્ડર ફોર્મ ભરીને તારીખઃ–૦૨–૦૬–૨૦૦૯ સુધીમાં આ વિભાગને કચેરી સમય ૬–૧૦ સુધીમાં મોકલી આપવાનું રહેશે. તારીખઃ–૦૨–૦૬–૨૦૦૯ પછી આવેલ ટેન્ડર રદ બાતલ ગણવામાં આવશે.

૩. ટેન્ડર બંધ કવરમાં મોકલવું અને કવર પર સુવાચ્ય અક્ષરમાં લાલ શાહીથી “હરાજી અંગેનું ટેન્ડર” એમ લખીને મોકલવાનું રહેશે.

૪. ટેન્ડર અંગેનું કવર ઉપ સચિવશ્રી(વહીવટ) નાણા વિભાગ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.ના નામે મોકલવાનું રહેશે.

૫. ટેન્ડર મોકલનાર વ્યક્તિ/પાર્ટીએ વિભાગની રોકડ શાખામાં રૂપિયા ૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ડીપોઝીટ તરીકે જમા કરાવવાના રહેશે. ત્યારબાદ જ ટેન્ડર ફોર્મ સ્વીકારવામાં આવશે.

૬. વ્યક્તિ/પાર્ટીએ ડીપોઝીટની રકમ ભરેલ ન હોય તે પાર્ટીનું ટેન્ડર રદબાતલ કરવામાં આવશે.

૭. હરાજીમાં ભાગ નહીં લેનાર ત્રાહિત વ્યક્તિને હરાજીના સમયે સ્થળ પર કે વિભાગમાં પ્રવેશ આપવામાં આવશે નહિ.

૮. હરાજીમાં ભાગ લેનાર વ્યક્તિએ હરાજીના સમયે સ્થળ પર હાજરી આપવા માટે ડીપોઝીટની રકમ ભર્યા અંગેની પહોંચ બતાવવાની રહેશે.

૯. હરાજીમાં આવેલ બીન ઉપયોગી વસ્તુઓની સોંપણી જયાં ને ત્યાં જે હાલતમાં છે તે જ હાલતમાં આપવામાં આવશે હારાજીમાં નિયત થયેલ પુરી રકમ જમા કરાવ્યા બાદ હરાજીનો સામાન આપવામાં આવશે.

૧૦. હરાજીમાં ભાગ લેનાર વ્યક્તિએ /પાર્ટીએ હરાજીની શરતો અંગેની સંમતી લેખિતમાં ટેન્ડરની સાથે આપવાની રહેશે.

૧૧. હરાજી પુરી થયા પછી જે પાર્ટી / વ્યક્તિનું ટેન્ડર મંજુર કરવામાં આવે તે પાર્ટી / વ્યક્તિ સિવાયની વ્યક્તિને / પાર્ટીને હરાજીમાં ભાગ લેવા માટે ભરેલ ડીપોઝીટની રકમ પરત આપવામાં આવશે.ડીપોઝીટ ભર્યા અંગેની પહોંચ ડીપોઝીટ પરત કરતાં કેશીયરને પરત આપવાની રહેશે.

૧૨. હરાજીમાં ભાગ લેનાર વ્યક્તિએ શિસ્ત અને શાંતિ જાળવવાની રહેશે. અને પોતાની સાથે ત્રાહીત વ્યક્તિઓને રાખી શકાશે નહિ.

૧૩. હરાજી અંગેની છેવટની સત્તા નાયબ સચિવ(ક.ગ), નાણા વિભાગની રહેશે તેમનો નિર્ણય છેવટનો ગણાશે. આ અંગે કોઇ વાદ વિવાદ ચાલશે નહિ.

૧૪. પત્રક–૧ તથા પત્રક–રની તમામ બીન ઉપયોગી વસ્તુઓની હરાજી અંગેની તળિયાની એકત્રિત કિંમત રુપિયા રૂ. ૭૫,૦૦૦/–( અંકે રૂપિયા પંચોતેર હજાર પુરા) રહેશે. આથી વધુ ભાવ આપનાર પાર્ટી / વ્યક્તિનું ટેન્ડર મંજુર કરવામાં આવશે. કોઇ વસ્તુ / સામગ્રી છુટક મેળવવા હરાજીમાં બોલી બોલી શકાશે નહિ.

૧૫. હરાજીમાં જે વ્યક્તિ / પાર્ટીનું ટેન્ડર મંજુર કરવામાં આવે તે વ્યક્તિ / પાર્ટીએ હરાજીની રકમ તરત જ હરાજીના દિવસે જ રોકડ શાખામાં રોકડમાં જમા કરાવવાની રહેશે.

૧૬. હરાજી અંગેનું આવેલ ટેન્ડર તારીખઃ– ૦૪–૦૬–૨૦૦૯ ના રોજ બપોર પછી ૧૬.૦૦ કલાકે સમિતિ ખંડ, ચોથો માળ, બ્લોક નં. ૪, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર ખાતે ટેન્ડર ભરનાર વ્યક્તિની હાજરીમાં ખોલવામાં આવશે. ટેન્ડર ખોલતી વખતે હાજર રહેનાર પાર્ટી /વ્યક્તિનું જ ટેન્ડર ધ્યાનમાં લેવામાં આવશે, હાજર નહીં રહેનાર પાર્ટી / વ્યક્તિએ ભરેલ ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે. જે અંગેની સઘળી જવાબદારી વ્યક્તિ /પાર્ટીની રહેશે આ અંગે કોઇ વાદ વિવાદ ચાલશે નહિ.

૧૭. હરાજી અંગેની બીન ઉપયોગી વસ્તુઓ સવારે ૧૧–૦૦ કલાક થી ૬–૦૦ કલાક સુધી (રિસેસ સમય ૨–૦૦ થી ૨–૩૦ સિવાય) જોઇ શકાશે, હરાજીની વસ્તુઓ જોવા રજીસ્ટ્રી ઇન્ચાર્જનો સંપર્ક સાધવાનો રહેશે.

૧૮. ટેન્ડર મંજુર થયા પછી પાર્ટી / વ્યક્તિ દ્વારા મંજુર થયેલ ટેન્ડર પાછું ખેંચાશે નહિ. અન્યથા આ બાબતે ભરવામાં આવેલ ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે. વાદ વિવાદ ધ્યાને લેવામાં આવશે નહિ.

૧૯. વેચાણની પ્રક્રિયા કોઇપણ તબક્કે મોકૂફ રાખવાની કે બંધ રાખવાની અબાધિત સત્તા સરકારશ્રીની રહેશે.

**બિડાણઃ**– પત્રક–૧ તથા પત્રક–૨

**(પ્રફુલ્લ મહેતા)**
સરકારના ઉપ સચિવ
નાણા વિભાગ,
ગુજરાત સરકાર

**પ્રતિ,**

- અધિક મુખ્ય સચિવશ્રી, અગ્ર સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

**નકલ રવાનાઃ–**

- સચિવાલયના સર્વે વિભાગો બહોળી પ્રસિદ્ધિ માટે. (નોટીસ બોર્ડ)
- જુના સચિવાલયની સર્વે કચેરીઓ.

## પત્રક – ૧ (ટેન્ડર સાથેનું બિડાણ)
## બિન ઉપયોગી ફર્નિચર/ચીજવસ્તુઓની યાદી (હરાજી માટે)

| ક્રમ. | વસ્તુનું નામ | સંખ્યા | તળિયાની કિંમત | હરાજીનો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | લોખંડના ઘોડા | ૩૭ | પત્રક–૧ અને પત્રક–૨ની તળીયાની કુલ એકત્રિત કિંમત રૂ.૭૫,૦૦૦ હજાર (અંકે રૂપિયા પંચોત્તેર હજાર પુરા) | |
| ૨ | લોખંડની તિજોરી મોટી | ૧૦ | | |
| ૩ | લોખંડની તિજોરી(લાઈબ્રેરી) | ૦૧ | | |
| ૪ | લોખંડની તિજોરી (નાની) | ૦૨ | | |
| ૫ | લોખંડના ટેબલ | ૧૮ | | |
| ૬ | રીવોલ્વીંગ ચેર (ગાદી,લોખંડના પાયા | ૧૨ | | |
| ૭ | લોખંડની પાઇપવાળી ખુરશી(કેનીંગ) | ૫૩ | | |
| ૮ | ગાડીના ટાયર | ૧૯ | | |
| ૯ | સાયકલ નંગ | ૨ | | |
| ૧૦ | લાઈટની જાળી | ૨૪ | | |
| ૧૧ | લોટરીના મશીન | ૧૨ | | |
| ૧૨ | લોખંડના પેડલસ્ટલ પંખા મોટા | ૩૫ | | |
| ૧૩ | લોખંડનો ટેબલ ફેન (નાનો) | ૦૧ | | |
| ૧૪ | ગાડીના સ્પેરપાર્ટ આશરે ૧૦૦ કિલો | આશરે ૧૦૦ કિલો | | |
| ૧૫ | પતરાની ટ્રે | ૨૫ | | |
| ૧૬ | ટપાલ મૂકવાના ખાના(લોખંડના) | ૨૨ | | |
| ૧૭ | કોમ્પ્યુટર ટેબલ (લોખંડનું) | ૦૧ | | |
| ૧૮ | પરચૂરણ લોખંડની પટીઓ | આશરે ૪૦ કિલો | | |
| ૧૯ | એસી મશીન સ્પલીટ–૪ વિન્ડો–૨ | નંગ–૬ | | |
| ૨૦ | લોખંડના નાના ઘોડા | નંગ–૨ | | |
| ૨૧ | લાકડાના ટેબલ,ખુરશી | | | |

ટેન્ડર મોકલનારની સહી નામઃ–

સરનામું–

ટે.નં.

મોબાઈલ નં.

## પત્રક –૨ (ટેન્ડર સાથેનું બિડાણ)

નાણા વિભાગ/ સ્ટોર
વિભાગની બીન ઉપયોગી ચીજ વસ્તુઓની વિગત.

| ક્રમ | વસ્તુની વિગત | સંખ્યા | તળિયાની કિંમત | હરાજીનો ભાવ |
|---|---|---|---|---|
| 1. | લોખંડની ફાઇલ ટ્રે | ૧૬ નંગ | પત્રક–૧ અને પત્રક–૨ની તળીયાની કુલ એકત્રિત કિંમત રૂ.૭૫૦૦૦/– (અંકે રૂપિયા પંચોતેર હજાર પુરા) | |
| 2. | લાકડાની ફાઇલ ટ્રે | ૪ નંગ | | |
| 3. | ગોદરેજ કેશ પેટી (લોખંડ) | ૪ નંગ | | |
| 4. | લોખંડના પટારા | ૨ નંગ | | |
| 5. | ચાનો કીટલો (એલ્યુમિનિયમ) | ૧ નંગ | | |
| 6. | પાણીનો જગ ૫ લિટર (મીલ્ટન સેલો) | ૩૧ નંગ | | |
| 7. | પાણીનો જગ ૧૦ લિટર (મીલ્ટન) | ૧ નંગ | | |
| 8. | ચાનો થર્મોશ (મિલ્ટાન સેલો) | ૧૭ નંગ | | |
| 9. | પાણીની સર્વીસ ટ્રે | ૬ નંગ | | |
| 10. | ચાની ઇલે.કીટલી | ૨ નંગ | | |
| 11. | ઇલે.કેલ્કયુલેટર | ૩ નંગ | | |
| 12. | કેલ્કયુલેટર | ૨૨ નંગ | | |
| 13. | ઇલે.સગડી | ૨ નંગ | | |
| 14. | ફેસીટ મશીન | ૨ નંગ | | |
| 15. | માઇક્રોટ્રાંસક્રાઇબર (સ્પીકર) | ૧ નંગ | | |
| 16. | પાણી જગ (સ્ટીલ) | ૧ નંગ | | |
| 17. | પાણી જગ (કાચ) | ૧ નંગ | | |
| 18. | ઇમરજન્સી લાઇટ | ૧ નંગ | | |
| 19. | ઝેરોક્ષ ટોનર ખાલી બોટલ (પ્લાસ્ટિક) | ૫૩ નંગ | | |
| 20. | પ્રિન્ટર ખાલી કાર્ટ્રીજ | ૨૬૦ નંગ | | |
| 21. | Epson કાટ્રીજ | ૩૦૫ નંગ | | |
| 22. | રોનીયો મશીન | ૧ નંગ | | |
| 23. | ઇલે.ટાઇપરાઇટર (ગોદરેજ) | ૫ નંગ | | |
| 24. | ટાઇપરાઇટર | ૪ નંગ | | |
| 25. | ટાઇપરાઇટર રીબીન | ૪૦ નંગ | | |
| 26. | સરપંચ | ૧૧ નંગ | પત્રક–૧ અને | |

| | | | | |
|---|---|---|---|---|
| 27. | પંચ | ૭ નંગ | પત્રક–૨ની તળીયાની કુલ એકત્રિત કિંમત રૂ.૭૫૦૦૦/– (અંકે રૂપિયા પંચોતેર હજાર પુરા) | |
| 28. | સ્ટેપલર | ૮ નંગ | | |
| 29. | સ્ટેપલર મોટા | ૧૫ નંગ | | |
| 30. | ઝેરોક્ષ ટોનર ડ્રમ | ૧૨ નંગ | | |
| 31. | ઝેરોક્ષ રીસોગ્રાફ ડ્રમ (એલ્યુ) | ૨૯ નંગ | | |
| 32. | ઝેરોક્ષ કોપી કાર્ટીજ | ૨૫ નંગ | | |
| 33. | દીવાલ ઘડીયાલ | ૭ નંગ | | |

ટેન્ડર મોકલનારની સહીઃ–
નામઃ–
સરનામુઃ–
ટે.નં.
મોબાઈલ નં.